RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પીજીવીસીએલ તથા જેટકોને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે ઓપન હાઉસનું આયોજન...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર-ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નોનાં નિરાકરણ માટે અવાર-નવાર ઓપન હાઉસ યોજવામાં આવે છે. ત્યારે વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને વિજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પીજીવીસીએલના મેનેજીંગ ડિરેકટરશ્રી તથા વિવિધ ડિવીઝનોના અધિકારીશ્રીઓ સાથે આગામી તા.૦૬-૦૮-૨૦૨૫, બુધવારના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે, પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસ, કોન્ફરન્સ હોલ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ છે.

આથી વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને પીજીવીસીએલ તથા જેટકોને લગતા કોઈપણ પ્રશ્નો-સુચનો હોય તો તે તા.૦૨-૦૮-૨૦૨૫ સુધીમાં રાજકોટ ચેમ્બર ઓફિસ, સેન્ટ્ર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે લેખિતમાં અથવા ઈ-મેઈલ (rajkotchamber@yahoo.co.in), વોટસએપનં. ૭૩૮૩૧૨૭૪૦૦ ઉપર મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. જેથી આવા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવી શકાય. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.